# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા સંચાલિત તપોવન પ્રકલ્પ (સગર્ભા પ્રશિક્ષણ)

બાળકો એ રાષ્ટ્રનું અમૂલ્ય ધન છે. આજનાં બાળકો આવતીકાલના રાષ્ટ્રના ઉજ્જ્વળ ભાવિના નિર્માતા છે. શારીરિક રીતે સ્વસ્થ, મન અને બુદ્ધિથી તેજસ્વી, હૃદયથી ઉદાર–વિશાળ, તથા આત્મશક્તિથી સંપન્ન બાળકો જ દેશના ઉત્તમ નાગરિકો બની મહાન રાષ્ટ્રનું નિર્માણ કરી શકે. બાળકોના આવા સર્વાંગી વિકાસ માટે આપણા પૂર્વ મુખ્યમંત્રીશ્રીએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની સ્થાપના કરી છે. જેમાં બાળક માતાના ગર્ભમાં હોય ત્યાંથી શરૂ કરીને બાળક અઢાર વર્ષનું એટલે કે પુખ્ત બને ત્યાં સુધીના એના જીવનના પ્રત્યેક મહત્ત્વના પાસાંઓના સર્વાંગી વિકાસને આવરી લેવામાં આવે છે. તપોવન એ બાળકના જન્મ પહેલાંના સર્વાંગી વિકાસને આવરી લેતો વિભાગ છે.

**તપોવન પ્રકલ્પની આવશ્યકતા :**

પ્રાચીન કાળથી જ ભારતના ઋષિઓને એ જ્ઞાન હતું કે બાળકનું શિક્ષણ તેના ગર્ભકાળથી જ શરૂ થઈ જાય છે અને પછી જીવનપર્યંત તે બાળકમાં રહે છે. સગર્ભા માતાના આહાર, વિહાર, વિચાર અને આચારની તથા સંકલ્પો, પ્રાર્થના, ધ્યાન વગેરેની સીધી અસર ગર્ભમાં રહેલા શિશુ પર પડે છે. આ અંગે સંશોધનો કરી પ્રમાણભૂત જ્ઞાનની સ્થાપના કરવી અને ઋષિઓએ આપેલાં મહાન સંસ્કાર વારસાને આધુનિક પરિપ્રેક્ષ્યમાં ઢાળીને અધિકૃત ગભસંસ્કાર પ્રણાલી પ્રસ્થાપિત કરવા માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ વિવિધ તપોવન સંશોધન કેન્દ્રોની સ્થાપના કરી છે.

**તપોવન સંશોધન કેન્દ્રની સંકલ્પના :–**

૧. તપોવન એટલે અજન્મા શિશુની પાઠશાળા.

૨. સગર્ભા બહેનોનું પ્રશિક્ષણ કરવા માટેનું સુંદર બાગ–બગીચા સાથેનું કેન્દ્ર

૩. શ્રેષ્ઠ સંતતિ માટેના વૈજ્ઞાનિક સંશોધનનું કેન્દ્ર

૪. શ્રેષ્ઠ સંતતિ જન્માવીને સમાજની કાયાપલટ કરવાની સાધનાસ્થલી

૫. ગર્ભસંસ્કાર અને ગર્ભવિજ્ઞાનના ઉત્તમ શાસ્ત્રના વિકાસ અને અમલનું કેન્દ્ર

૬. સગર્ભા બહેન અને તેના પરિવારના સંપર્ક દ્વારા પારિવારિક સંવાદિતા જન્માવવાનું કેન્દ્ર

૭. ગર્ભસ્થ શિશુના તથા સગર્ભા બહેનોના શારીરિક, માનસિક, બૌદ્ધિક, ભાવનાત્મક અને આધ્યાત્મિક વિકાસની પ્રક્રિયા અંગે સંશોધન કરવાનું કેન્દ્ર

**તપોવન સંશોધન કેન્દ્રનાં કાર્યો :**

**તપોવન સંશોધન કેન્દ્રનાં કાર્યોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.**

૧. સગર્ભા માતાઓ તથા નવજાત બાળકના વિકાસને લગતાં તમામ પાસાં પરના સંશોધનો

૨. ડૉક્ટરો સાથેના સેમિનારોનું આયોજન

૩. સગર્ભા માતાઓનું કાઉન્સેલિંગ, નિરંતર પ્રશિક્ષણ અને મૂલ્યાંકન

૪. ગુજરાતમાં ચાલી રહેલાં બધાં તપોવન કેન્દ્રોનું યોગ્ય સંકલન…બધા તપોવન સંશોધન કેન્દ્રોની પ્રવૃત્તિઓનું દસ્તાવેજીકરણ

૫. આંગણવાડીની બહેનો સાથેના ઘનિષ્ઠ સંપર્ક માટે સામૂહિક બેઠકોનું આયોજન

૬. સગર્ભા માતાના પરિવારજનોનું માર્ગદર્શન

૭. રાજ્ય સરકારના મહિલા અને બાળવિકાસ વિભાગ સાથેનો સંપર્ક તથા વૈચારિક આદાન પ્રદાન

૮. દૂરના વિસ્તારો અને અંતરિયાળ ગામડાંઓમાં સપ્તાહમાં એકવાર સગર્ભા બહેનોના પ્રશિક્ષણ માટેનું આયોજન

**તપોવન સંશોધન કેન્દ્રોમાં કરાવવામાં આવતી પ્રવૃત્તિઓ :**

તપોવન સંશોધન કેન્દ્રમાં આવતી સગર્ભા બહેનોને પ્રકલ્પ સંયોજક દ્વારા ૩ કલાક સુધી દૈનિક પ્રવૃત્તિઓ જેવી કે પ્રાર્થના, ધ્યાન, ગર્ભસંવાદ, કલા, વાચન, બૌદ્ધિક, શારીરિક રમતો વગેરે કરાવવામાં આવે છે. ઉપરાંત ગણિત, કોયડા ઉકેલ, સંસ્કૃત સ્તોત્ર પઠન, સંગીત વગેરે સાપ્તાહિક પ્રવૃત્તિઓ તથા આહાર–પોષણ વગેરે અંગે તજ્જ્ઞોનાં માર્ગદર્શનની વિશિષ્ટ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

**તપોવન સંશોધન કેન્દ્રથી સમાજને થતા લાભ :**

૧. ઉત્તમ સંતતિના નિર્માણ દ્વારા શ્રેષ્ઠ નાગરિકોનું સર્જન

૨. શ્રેષ્ઠ નાગરિકો દ્વારા શ્રેષ્ઠ સમાજ અને શ્રેષ્ઠ રાષ્ટ્રનું નિર્માણ

૩. પારિવારિક સંવાદિતાનું સ્થાપન અને તેમાં વૃદ્ધિ

૪. સમાજમાં પ્રવર્તતી ખોટી માન્યતાઓનું નિવારણ અને વૈજ્ઞાનિક અભિગમનો વિકાસ

૫. દીકરી–દીકરાની સમાનતા સ્વીકારતું શિક્ષણ

૬. ભ્રૂણહત્યા નિવારણ

૭. સગર્ભાવસ્થાના આહારની સ્પષ્ટ સમજ દ્વારા કુપોષણ નિવારણ

૮. નિરોગી ગર્ભાવસ્થા તેમજ પ્રાકૃતિક પ્રસૂતિનાં કારણે હોસ્પિટલોના બોજમાં ઘટાડો

•